INDIAN NATIONAL CONGRESS
# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૧૦-૦૬-૨૦૨૬**

- **કોંગ્રેસ દ્વારા ૧૫ જૂને ગાંધીનગરમાં વિશાળ 'ખેડૂત સત્યાગ્રહ ટ્રેક્ટર રેલી'નું આયોજન**
- **ખેડૂતો શાંતિપુરા સર્કલથી કુચ કરીને "ખેડૂત સત્યાગ્રહ ટ્રેક્ટર રેલી" ગાંધીનગર ખાતે ૧૧૧૧ ટ્રેક્ટરો સાથે એકઠા થશે.**
- **વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષાર ચૌધરી, પૂર્વ પ્રદેશ પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકી, સેવાદળના રાષ્ટ્રિય અધ્યક્ષશ્રી લાલજીભાઈ દેસાઈ સહિતના આગેવાનોની ઉપસ્થિતીમાં "ખેડૂત સત્યાગ્રહ ટ્રેક્ટર રેલી" ના આયોજન માટે રાજીવ ગાંધી ભવન ખાતે મહત્વની બેઠક યોજાઈ.**

ગુજરાતના ખેડૂતોના મુખ્ય પ્રશ્નો અને ભાજપ સરકારની ખેડુત વિરોધી નીતિઓ સામે ૧૫મી જૂનના રોજ યોજાનાર "ખેડૂત સત્યાગ્રહ" ટ્રેક્ટર યાત્રાના આયોજન અંગે રાજીવ ગાંધી ભવન ખાતે વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષાર ચૌધરી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકી, સેવાદળના રાષ્ટ્રિય અધ્યક્ષ શ્રી લાલજીભાઈ દેસાઈ, કિસાન કોંગ્રેસના અધ્યક્ષશ્રી જયેશભાઈ પટેલ, શ્રી પાલભાઈ આંબલીયા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખશ્રી જિગ્નેશભાઈ મેવાણી, ડૉ. ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, પૂર્વ સાંસદ ડૉ. અમીબેન યાજ્ઞિક, અલ્કાબેન ક્ષત્રિય, ધારાસભ્યશ્રી અમરતજી ઠાકોર, શ્રી ગુલાબસિંહ ચૌહાણ,પૂર્વ ધારાસભ્યશ્રી હિંમતસિંહ પટેલ, શ્રી લાખાભાઈ ભરવાડ, કરસનદાસબાપુ સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં મહત્વની બેઠક યોજાઈ હતી. રાજ્યના ખેડૂતોને ન્યાય મળે, જમીનનું પૂરતું વળતર મળે, દૂધ અને ખેત પેદાશોના પોષણક્ષમ ભાવો મળે અને સમગ્ર રાજ્યમાં બળજબરીપૂર્વક વિજ થાંભલા વીજ લાઈનોના વિકટ પ્રશ્નોની ગહન ચર્ચા કરવામાં આવી હતી અને તા. ૧૫મી જૂનના ખેડુત સત્યાગ્રહમાં વધુમાં વધુ લોકો જોડાય તેવું એક અવાજે નક્કી કરવામાં આવ્યું હતું. સાથોસાથ ખેડુતો, ખેતી અને ગામડુ બચાવવા માટે વિસ્તૃત રણનીતિ સાથે કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ આગેવાનોએ માર્ગદર્શન આપ્યું હતું.

આજે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્યાલય રાજીવ ગાંધી ભવન ખાતે ૨૦૦થી વધુ વરિષ્ઠ કોંગ્રેસ નેતાઓ અને પદાધિકારીઓએ ૧૫ જૂન ૨૦૨૬ના રોજ ગાંધીનગરમાં યોજાનાર ખેડૂત સત્યાગ્રહ ટ્રેક્ટર રેલી ની વિગતવાર યોજના તૈયાર કરવા માટે મહત્વની બેઠક બાદ પત્રકારો સાથે "ખેડૂત સત્યાગ્રહ ટ્રેક્ટર રેલી" અંગે વાતચીત કરતા સેવાદળના રાષ્ટ્રિય અધ્યક્ષશ્રી લાલજીભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, "ખેડૂત સત્યાગ્રહ ટ્રેક્ટર રેલી" ગુજરાત કિસાન કોંગ્રેસ અને કિસાન સંઘર્ષ સમિતિ દ્વારા સંયુક્ત રીતે આયોજિત કરવામાં આવી રહી છે, જે ભાજપ સરકારની ખેડૂત વિરોધી નીતિઓ સામે વિરોધ પ્રદર્શિત કરવા માટે છે. રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી ખેડૂતો મોટી સંખ્યામાં ભાગ લેશે. સરકાર કહે છે જગતનો તાત પરંતુ તેને અવારનવાર પડે છે સરકારની લાત. સરકારની આયોજન વગરની નીતિના કારણે ખેડૂત પિસાઈ રહ્યા છે. ગુજરાત સરકારના મિનિસ્ટર IAS અને IPS ઓફિસરો બળજબરીથી ખેડૂતોના ખેતરમાં કંપનીની લાઈનો નખાવી રહ્યા છે.

ખેડૂતો શાંતિપુરા સર્કલથી કુચ કરીને "ખેડૂત સત્યાગ્રહ ટ્રેક્ટર રેલી" ગાંધીનગર ખાતે ૧૧૧૧ ટ્રેક્ટરો સાથે એકઠા થશે. ટ્રેક્ટર માર્ચ રાજ્યની રાજધાની તરફ આગળ વધશે અને સરકાર સમક્ષ ખેડૂતોની માંગણીઓ સીધી રજૂ કરશે. આ આંદોલન સંપૂર્ણપણે શાંતિપૂર્ણ અને લોકતાંત્રિક છે. મુખ્ય માંગણીઓ (૧) ગુજરાતના ૫૬ લાખ ખેડૂતો પરના ૯૬,૦૦૦ કરોડ ના ખેતી દેવાની સંપૂર્ણ માફી, અન્ય રાજ્યોની જેમ. (૨) અન્ય રાજ્યોમાં આપવામાં આવતી

સુવિધાઓની જેમ ખેતી માટે મફત વીજળી. (૩) જમીન માપણી અને કાપણી બંધ કરો. ખેડુતોને ન્યાય આપો. ખેડુતોની ખેત પેદાશો અને દૂધના પોષણક્ષમ ભાવો આપો, ખાતર-બીયારણ-ડીઝલ-જંતુનાશક દવા સહિત પૂરતા પ્રમાણમાં વ્યાજબી ભાવમાં ઉપલબ્ધ કરાવો.

ભાજપ સરકાર જમીન સંપાદનમાં પાર્ટીના મધ્યસ્થોને ફાયદો કરાવીને વ્યાપક ભ્રષ્ટાચાર કરી રહી છે. મોટી વીજ કંપનીઓ પોલીસની મદદથી ખેડૂતોના ખેતરોમાં જબરદસ્તી હાઈ-ટેન્શન લાઈનો નાખી રહી છે, જે ખુલ્લી દાદાગીરી સમાન છે. કોંગ્રેસ નેતાઓએ સ્પષ્ટ કર્યું છે કે આ વિધાનસભા ઘેરાવો નથી પરંતુ ઉદાસીન ભાજપ સરકારને જગાડવા માટેનું મજબૂત અલ્ટીમેટમ છે.

બેઠકને સંબોધતા નેતાઓએ મજબૂત ચેતવણી આપતા સરકારને ચેતવ્યું હતું કે, "૧૫ જૂન એ માત્ર ટ્રેલર છે જો સરકાર ખેડૂતોની વાજબી માંગણીઓ તરત સ્વીકારતી નથી, તો આગામી દિવસોમાં ગુજરાતના ખેડૂતો દ્વારા પૂર્ણ 'જંગ'નું એલાન કરવામાં આવશે."

કિસાન કોંગ્રેસના શ્રી જયેશ પટેલ અને શ્રી પાલભાઈ આંબલીયાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં વીજ લાઈનના પ્રશ્નો પણ હજુ શરૂ થયા છે. આખા ગુજરાતમાં ખેડૂતોની જમીન હડપ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહી છે. જેથી ગુજરાતના ખેડૂતો આ બધા પ્રશ્નોને લઈને આગામી સમયમાં આંદોલન કરવા માટે જઈ રહ્યા છીએ. ગુજરાત કિસાન કોંગ્રેસ અને સંઘર્ષ સમિતિ દ્વારા અલગ અલગ વિસ્તારમાંથી ખેડૂતો અમદાવાદ પહોંચશે. જે બાદ 15 જૂને ખેડૂતો 1111 ટ્રેક્ટર સાથે શાંતિપુરા ચોકડીથી ગાંધીનગર સુધી કૂચ કરશે. ટ્રેક્ટર લઈને સરકારને અલ્ટીમેટમ આપવા માટે જઈશું. જો સરકાર નહીં સમજે તો આવનાર દિવસમાં ખેડૂતોને સાથે રાખીને ગુજરાતમાં ધામા નાખવામાં આવશે. જે બાદ સરકારને જવાબ આપવો અઘરી થઈ જશે. રાજ્યના ખેડૂતો ખાતર અને બીયારણના આસમાની ભાવ તથા પાકના અત્યંત ઓછા MSPને કારણે અત્યંત આક્રોશમાં છે, જે તેમને ઊંડી મુશ્કેલીમાં મુકી રહ્યું છે.

ગુજરાતમાં ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળતા નથી અને મોંઘવારીનો માર સહન કરવો પડે છે. ડુપ્લીકેટ દવા અને બિયારણનો માર પણ ખેડૂતો સહન કરી રહ્યા છે. જે રીતે ટેકાના ખરીદીમાં કૌભાંડ કરવામાં આવ્યા હતા. ખેડૂતોની જમીન જબરદસ્તીથી જમીન સંપાદનમાં સરકાર પચાવી લે છે. એમાં પણ ભાજપના મળતીયા હોય તો એ જમીન રાતો રાત બિનખેતી જાહેરનામા પછી પણ કરી લે અને એને એક મીટરના 2,000 મળે આ ખેડૂતનું ખેતર એને 20 રૂપિયા પર મીટરના મળે આ ખેડૂતનું ખેતર જે ભાજપનો મળતીઓ છે તો એને 2000 પર મીટરના મળે છે. આ રીતે જમીન સંપાદન અંદર ભ્રષ્ટાચાર થાય છે. છેલ્લે જે રીતે વીજ કંપનીઓ સરકારના ચાર હાથ માથે લઈને આવે છે. ખેડૂતોના ખેતરમાં તમામ નિયમો નિયમ મૂકીને દાદાગીરીથી પોલીસ રક્ષણ સાથે ખેતરમાં ઘૂસી જાય છે. કોંગ્રેસે તમામ ખેડૂતો, ખેડૂત સંગઠનો અને સંબંધિત નાગરિકોને અપીલ કરી છે કે તેઓ ૧૫ જૂને ખેડૂત સત્યાગ્રહ ટ્રેક્ટર રેલીને પૂર્ણ સમર્થન આપી ગામેગામથી જોડાય અને "ખેડૂત સત્યાગ્રહ ટ્રેક્ટર રેલી" ઐતિહાસિક સફળ બનાવે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા